# ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન મકાઇના ભાવનો વરતારો

મકાઈ એ વિશ્વભરમાં સૌથી મહત્વપૂર્ણ પાક છે. યુએસએ, ચીન, બ્રાઝિલ અને ભારત મકાઇના સૌથી વધારે ઉત્પાદનકર્તા દેશો છે. મકાઈ નો નોંધપાત્ર ઉપયોગ મુખ્યત્વે ઔદ્યોગિક વસ્તુઓ જેવીકે સ્ટાર્ચ, મકાઈ તેલ વગેરેના ઉત્પાદનમાં થાય છે. ભારતમાં મકાઈને “અનાજની રાણી” તરીકે ઓળખવામાં આવે છે.

ઇન્ટરનેશનલ ગ્રેઇન કાઉન્સિલનાં અંદાજ મુજબ વર્ષ ૨૦૨૨-૨૩ માં મકાઈનું ઉત્પાદન અંદાજે ૧૧૭૮૬ લાખ ટન અને વપરાશ ૧૧૯૬૮ લાખ ટન રહેશે. મકાઈનો મુખ્ય ઉપયોગ ખોરાક તરીકે, દાણ અને ઔદ્યોગિક વપરાશ તરીકે થાય છે. મકાઈની નિકાસ વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૭૩૩ લાખ ટન રહેવાની સંભાવના છે. એફએઓ અને અમીસના આઉટલૂક અનુસાર, વિશ્વમાં મકાઇનો પુરવઠો ૧૪૯૧૦ લાખ ટન રહેવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન શરૂઆતનો સ્ટોક ૩૦૯૯.૧ લાખ ટન જ્યારે બંધ સ્ટોક ૨૯૯૬.૫ લાખ ટન રહેશે.

ભારતમાં વર્ષ ૨૦૨૨ના ખરીફમાં મકાઈનો વાવેતર વિસ્તાર ૮૧.૫૨ લાખ હેક્ટર રહેલ જે વર્ષ ૨૦૨૧માં ૮૦.૩૭ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન મકાઈનાં ઉત્પાદનનો અંદાજ ૩૩૬.૨ લાખ ટન છે જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૧૬.૫ લાખ ટન હતો. વર્ષ ૨૦૨૧-૨૨ માટે મકાઇના ટેકાના ભાવ રૂ. ૧૮૭૦ પ્રતિ ક્વિન્ટલ અને વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ. ૧૮૫૦ પ્રતિ ક્વિન્ટલ હતા. ખરીફ ૨૦૨૨-૨૩ માટે સરકાર દ્વારા ટેકાનો ભાવ રૂ. ૧૯૬૨ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ભારતમાંથી મકાઇની નિકાસ ૩૬.૯૦ લાખ ટન થયેલ જેની કિંમત ૧૦૨૦૮.૮ લાખ ડોલર હતી જે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨૮.૭૦ લાખ ટન અને કિંમત ૬૩૪૮.૫ લાખ ડોલર રહેલ. કોરોનાની મહામારીના સમયે પણ સતત ત્રણ વર્ષથી મકાઇની નિકાસમાં ૬ ગણો વધારો થયેલ છે. મકાઇની નિકાસ માટે બાંગ્લાદેશ, વિયેતનામ અને નેપાળ મુખ્ય આયાતકાર દેશો છે.

વર્ષ ૨૦૨૨ દરમ્યાન ગુજરાતમાં મકાઈનો વાવેતર વિસ્તાર ૨.૮૭ લાખ હેક્ટર નોંધાયેલ અને ઉત્પાદન ૪.૬૪ લાખ ટન રહેવાનો અંદાજ છે. જે વર્ષ ૨૦૨૧-૨૨ માં વાવેતર વિસ્તાર ૩.૯૧ લાખ હેક્ટર અને ઉત્પાદન ૭.૬૩ લાખ ટન હતું. ચાલુ વર્ષના ઓગસ્ટ મહિનામાં મકાઈનો ભાવ

રૂ. ૨૪૦૭ પ્રતિ ક્વિન્ટલ હતો, જે વર્ષ ૨૦૨૧માં  રૂ. ૧૯૫૧ પ્રતિ ક્વિન્ટલ રહેલ. આમ, મકાઇનો મળી રહેલ ઉત્તમ ભાવ નિકાસ અને ટેકાના ભાવમાં થયેલા વધારેને લીધે હોય શકે છે.

ભારત દેશના મકાઈનાં મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં અનુકુળ પરિસ્થતિ હોવાથી મકાઈનાં ઉત્પાદનમાં વધારો નોંધાઈ શકે છે જેના કારણે મકાઈનાં ભાવ પર તેની વિપરીત અસર જોવા મળે. ચાલુ વર્ષમાં તૂટેલા ચોખાની નિકાસ પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે જેને લઈને સ્થાનિક બજારમાં તેની ઉપલબ્ધતા વધી શકે જેથી મકાઈનાં ભાવ માં પણ તેની અસર થઈ શકે છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને સ્થાનિક બજારોની વિગતોને ધ્યાનમાં લઈને સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં દાહોદ માર્કેટ યાર્ડનાં મકાઈના ૧૮ વર્ષોના માસિક ભાવોનુ વિશ્લેષણ કરેલ છે જેના તારણ પરથી અનુમાન છે કે મકાઇનો ભાવ **ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨માં રૂ. ૧૭૫૦ થી ૨૧૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૩૫૦ થી ૪૨૦ પ્રતિ ૨૦ કિ.ગ્રા.)** રહેવાની સંભાવના છે.

***નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજ અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલોના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ હોઈ શકે.***